

RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 10
Issue : 075
Dt.: 19-01-2026,
Monday
Page:04
Rs.00.50 paisa


### મુંબઈમાં RSS પ્રમુખ મોહન ભાગવતનું નિવેદન

# જ્યાં સુધી ધર્મ ભારતનું માર્ગદર્શન કરશે, ત્યાં સુધી દેશ વિશ્વગુરુ રહેશે

## મોદી અને શિવાજી મહારાજનું ઉદાહરણ આપી કહ્યું- ઝૂંપડીમાં રહેતા સામાન્ય માણસની નસોમાં પણ ધર્મ વહે છે



(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ **(RSS)** ના સરસંઘચાલક મોહન ભાગવતે રવિવારે, **18 January** ના રોજ મુંબઈમાં યોજાયેલા એક કાર્યક્રમમાં ભારતની વૈશ્વિક ભૂમિકા અને ધર્મના મહત્વ વિશે ગંભીર વાત કરી હતી. તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે ભારતની પ્રગતિ અને તેનું વિશ્વ નેતૃત્વ **(World Leader)** તેના ધર્મ પર આધારિત છે. ભાગવતે ભારપૂર્વક જણાવ્યું હતું કે, "જ્યાં સુધી ધર્મ ભારતનું માર્ગદર્શન કરતો રહેશે, ત્યાં સુધી આપણો દેશ વિશ્વમાં નેતા બનીને રહેશે."

મોહન ભાગવતે કહ્યું હતું કે ભારતમાં જે આધ્યાત્મિક જ્ઞાન અને ચેતના છે, તે સમગ્ર વિશ્વમાં બીજે ક્યાંય જોવા મળતી નથી. અન્ય દેશોમાં ભૌતિક સુખો છે, પરંતુ આધ્યાત્મિકતાનો અભાવ છે. ભારતની આ જ શક્તિ તેને અન્ય રાષ્ટ્રોથી અલગ પાડે છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો ઉલ્લેખ કરતા સંઘ પ્રમુખે એક રસપ્રદ ઉદાહરણ આપ્યું હતું. તેમણે કહ્યું, "વાત નરેન્દ્રભાઈની હોય, મારી હોય કે તમારી હોય, આપણે બધા એક જ અદ્રશ્ય શક્તિ દ્વારા સંચાલિત છીએ. જો આપણું જીવનરૂપી વાહન તે શક્તિ દ્વારા ચાલે તો ક્યારેય અકસ્માત થતો નથી. તે ચાલક બીજું કોઈ નહીં પણ ધર્મ છે." તેમણે ઉમેર્યું કે નરેન્દ્ર મોદી તમારી અને દેશની શક્તિ છે. જ્યારે બ્રહ્માંડ સર્જાયું ત્યારે જ ધર્મનું અસ્તિત્વ આવ્યું હતું.

ધર્મનિરપેક્ષતા અને ધર્મ વચ્ચેનો ભેદ સ્પષ્ટ કરતા તેમણે કહ્યું કે કોઈ રાજ્ય વ્યવસ્થા કે શાસન પદ્ધતિ ધર્મનિરપેક્ષ હોઈ શકે છે, પરંતુ કોઈ મનુષ્ય કે સૃષ્ટિ ધર્મ વિના ટકી શકે નહીં. જેમ પાણીનું કર્તવ્ય વહેવું છે અને અગ્નિનું કામ બાળવું છે, તેમ મનુષ્યનું પણ કર્તવ્ય છે.

"ભારતના સામાન્ય નાગરિકના માનસમાં ધર્મ ઊંડે સુધી ઉતરેલો છે. ઝૂંપડીમાં રહેતો ગરીબ માણસ ભલે મોટા ભાષણો ન આપી શકે, પણ તેની નસોમાં ધર્મ અને સંસ્કાર વહે છે."

ઈતિહાસના પાના ઉથલાવતા ભાગવતે છત્રપતિ શિવાજી મહારાજ અને અફઝલ ખાનના પ્રસંગને યાદ કર્યો હતો. તેમણે કહ્યું, "અમે ધર્મના રક્ષક એટલે કે ચોકીદાર છીએ. જ્યારે અફઝલ ખાન અત્યાચાર ગુજારી રહ્યો હતો અને શિવાજી મહારાજને મળવા આવ્યો, ત્યારે મહારાજ શાંત રહ્યા હતા. આ ધીરજ અને ધર્મનું પાલન જ વિજય અપાવે છે. ધર્મ ક્યારેય હારતો નથી."

### મુસાફરોની હાલાકી પર DGCA એ કડક વલણ અપનાવ્યું

# ઈન્ડિગો એરલાઈન પર ૨૨ કરોડ રૂપિયાથી વધુનો મોટો દંડ ફટકારવામાં આવ્યો

## ૩ થી ૫ ડિસેમ્બર ૨૦૨૫ વચ્ચે ઈન્ડિગોની ૨,૫૦૭ ફ્લાઈટ્સ રદ થઈ હતી અને ૧,૮૫૨ ફ્લાઈટ્સ મોડી પડી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ડાયરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન **(DGCA)** એ શનિવારે ઈન્ડિગો એરલાઈન પર ૨૨.૨ કરોડ રૂપિયાનો ભારે દંડ લગાવ્યો છે. આ કાર્યવાહી ગયા વર્ષે ડિસેમ્બરની શરૂઆતમાં ફ્લાઈટ્સમાં થયેલી ભારે ગરબડ અને વિલંબને પગલે કરવામાં આવી છે. નોંધનીય છે કે ૩ થી ૫ ડિસેમ્બર ૨૦૨૫ વચ્ચે ઈન્ડિગોની ૨,૫૦૭ ફ્લાઈટ્સ રદ થઈ હતી અને ૧,૮૫૨ ફ્લાઈટ્સ મોડી પડી હતી. આ કારણે દેશના વિવિધ એરપોર્ટ પર ત્રણ લાખથી વધુ મુસાફરો ફસાયેલા રહ્યા હતા અને તેમને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. આ મામલાની ગંભીરતાને જોતા સરકારના નિર્દેશ પર એક તપાસ સમિતિની રચના કરવામાં આવી હતી, જેનો રિપોર્ટ આવ્યા બાદ હવે આ દંડ નક્કી કરવામાં આવ્યો છે.



**DGCA** દ્વારા રચાયેલી ચાર સભ્યોની સમિતિએ ઈન્ડિગોના નેટવર્ક પ્લાનિંગ, સ્ટાફ ડ્યુટી મેનેજમેન્ટ અને સોફ્ટવેરની બારીકાઈથી તપાસ કરી હતી. સમિતિએ તેના રિપોર્ટમાં જણાવ્યું હતું કે એરલાઈને તેની કાર્યક્ષમતા કરતા વધુ કામ કરવાનો પ્રયાસ કર્યો, જેના કારણે વ્યવસ્થા ખોરવાઈ ગઈ. રેગ્યુલેટરી તૈયારીઓમાં ઉણપ અને સિસ્ટમ સોફ્ટવેરમાં ખામીઓ જોવા મળી. મેનેજમેન્ટ સ્તરે ઓપરેશનલ કંટ્રોલનો અભાવ આ ગરબડનું મુખ્ય કારણ હતું. તપાસમાં જાણવા મળ્યું કે એરલાઈનની આંતરિક સિસ્ટમ આટલી મોટી કટોકટીનો સામનો કરવા માટે તૈયાર નહોતી, જેના કારણે આટલી મોટી સંખ્યામાં ફ્લાઈટ્સ રદ થઈ હતી.

૨૨.૨ કરોડ રૂપિયાના આ કુલ દંડમાં વિવિધ પ્રકારની પેનલ્ટીનો સમાવેશ થાય છે. નિયમોનું પાલન ન કરવા બદલ ૬૮ દિવસ માટે દરરોજ ૩૦ લાખ રૂપિયા લેખે દંડ. સિસ્ટમની ગરબડ માટે ૧.૮ કરોડ રૂપિયાનો અલગથી દંડ. આ ઉપરાંત, **DGCA** એ એરલાઈનને ૫૦ કરોડ રૂપિયાની બેંક ગેરંટી જમા કરાવવાનો પણ આદેશ આપ્યો છે. તાજેતરના સમયમાં કોઈપણ ભારતીય એરલાઈન પર લાદવામાં આવેલો આ સૌથી મોટો દંડ માનવામાં આવે છે. આ કડક કાર્યવાહી બાદ, ઈન્ડિગોએ એક નિવેદન બહાર પાડીને જણાવ્યું હતું કે તે હ્ય્ઝછ ના આદેશને ખૂબ જ ગંભીરતાથી લઈ રહી છે અને જરૂરી પગલાં લેશે. કંપનીએ જણાવ્યું હતું કે આઉટેજ પછી, તે આવી સ્થિતિનું પુનરાવર્તન ન થાય તે માટે તેની આંતરિક સિસ્ટમોની મજબૂતાઈ અને સ્થિતિસ્થાપકતાની સમીક્ષા કરી રહી છે. મેનેજમેન્ટે ખાતરી આપી હતી કે તે તેની ૧૯ વર્ષની પ્રતિષ્ઠા જાળવી રાખવા અને તેના મુસાફરોની સેવા કરવા માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે. ઈન્ડિગોએ એમ પણ જણાવ્યું હતું કે તેનું લક્ષ્ય ૨૦૩૦ સુધીમાં ભારતને વૈશ્વિક ઉડ્ડયનમાં એક મુખ્ય શક્તિ તરીકે સ્થાપિત કરવામાં મદદ કરવાનું છે.

## લખનૌમાં IndiGo ફ્લાઈટનું ઈમરજન્સી લેન્ડિંગ કરાયું

(સંપૂર્ણ સમાચાર સેવા)ઢાકા

રવિવારે (૧૮ જાન્યુઆરી) ઈન્ડિગો એરલાઈન્સની ફ્લાઈટમાં બોમ્બ હોવાની ધમકી મળતાં ખળભળાટ મચી ગયો હતો. આ ઘટના દિલ્હીથી બાગડોગરા જઈ રહેલી ઈન્ડિગો ફ્લાઈટ નંબર ૬ઈ-૬૬૫૦ સાથે સંકળાયેલી હતી. લખનૌ કમિશનરેટ પોલીસે આ ઘટના અંગે સત્તાવાર નિવેદન જારી કર્યું હતું. પોલીસના જણાવ્યા અનુસાર, તેમને એર ટ્રાફિક કંટ્રોલ (એટીસી) દ્વારા ફ્લાઈટમાં બોમ્બ હોવાની ધમકીની માહિતી મળી હતી. ટીશ્યુ પેપર પર "વિમાનમાં બોમ્બ" લખેલી એક ચિઠ્ઠી મળી આવી હતી.માહિતી મળતાં, વિમાને તમામ સલામતી ધોરણો અને નિર્ધારિત પ્રોટોકોલનું પાલન કરીને લખનૌ એરપોર્ટ પર ઈમરજન્સી લેન્ડિંગ કર્યું. વિમાન સવારે ૯:૧૭ વાગ્યે લખનૌ એરપોર્ટ પર સુરક્ષિત રીતે ઉતર્યું. ત્યારબાદ વિમાનને આઈસોલેશન બેમાં પાર્ક કરવામાં આવ્યું હતું. વિમાનની અંદરથી ટીશ્યુ પેપર પર હસ્તલિખિત ચિઠ્ઠી મળી આવી હતી. પોલીસના જણાવ્યા અનુસાર, પ્રાથમિક તપાસ દરમિયાન, વિમાનની અંદરથી ટીશ્યુ પેપર પર એક હસ્તલિખિત ચિઠ્ઠી મળી આવી હતી, જેમાં લખ્યું હતું, "વિમાનમાં બોમ્બ." આ ચિઠ્ઠીના આધારે, સુરક્ષા એજન્સીઓએ તપાસ આગળ ધપાવી.

### ચારધામ યાત્રામાં હવે રીલ પર રોક

# કેદારીનાથ-બદ્રીનાથ સહિતના મંદિરોમાં મોબાઈલ પર પ્રતિબંધ

(સંપૂર્ણ સમાચાર સેવા)દેહરાદુન

ઉત્તરાખંડ સરકારે ચારધામ યાત્રા દરમિયાન મંદિરોની પવિત્રતા અને ગરિમા જાળવવા માટે એક મહત્વપૂર્ણ અને દૂરંદેશી પગલું ભર્યું છે. ધાર્મિક સ્થળોએ રીલ્સ અને વ્લોગ બનાવવાને લઈને વધી રહેલા વિવાદને ધ્યાનમાં રાખીને, આ વર્ષે બદ્રીનાથ, કેદારનાથ, ગંગોત્રી અને યમુનોત્રી મંદિરોમાં મોબાઈલ ફોન પર પ્રતિબંધ મૂકવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

વહીવટીતંત્ર માને છે કે આ નિર્ણયથી બિનજરૂરી વિવાદ તો દૂર થશે જ, પરંતુ ભક્તો સંપૂર્ણ ભક્તિ અને એકાગ્રતાથી યાત્રા કરી શકશે. ચારધામ યાત્રાની તૈયારીઓ અંગે શનિવારે ગઢવાલ કમિશનર વિનય શંકર પાંડેની અધ્યક્ષતામાં ચારધામ યાત્રા ટ્રાન્ઝિટ કેમ્પ ખાતે એક મહત્વપૂર્ણ સમીક્ષા બેઠક યોજાઈ હતી. ગઢવાલના ઈન્સ્પેક્ટર જનરલ રાજીવ સ્વરૂપ, વિવિધ જિલ્લાઓના જિલ્લા મેજિસ્ટ્રેટ અને વિભાગીય અધિકારીઓ હાજર રહ્યા હતા. યાત્રા વ્યવસ્થા અંગે અનેક મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા હતા. ગઢવાલ કમિશનર વિનય શંકર પાંડેએ સ્પષ્ટતા કરી હતી કે, છેલ્લા કેટલાક વર્ષોમાં, મોબાઈલ ફોનનો ઉપયોગ કરીને રીલ્સ અને વ્લોગ બનાવવા અંગે અનેક વિવાદો ઉભા થયા છે, જે મંદિરોની ગરિમા સાથે ચેડા કરે છે. આને ધ્યાનમાં રાખીને, બદ્રીનાથમાં સિંહદ્વારની બહાર મોબાઈલ ફોન પર સખત પ્રતિબંધ રહેશે. ભક્તોને કેદારનાથ, ગંગોત્રી અને યમુનોત્રી મંદિર સંકુલમાં મોબાઈલ ફોન લઈ જવાની પણ મનાઈ રહેશે. શ્રી બદ્રીનાથ-કેદારનાથ મંદિર સમિતિ **(BKTC)** અને સંબંધિત જિલ્લા વહીવટીતંત્રો મંદિરોમાં પ્રવેશતા પહેલા ભક્તોના મોબાઈલ ફોનની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે યોગ્ય વ્યવસ્થા કરશે.

વહીવટીતંત્રનો આ નિર્ણય સંદેશ આપે છે કે સરકાર ફક્ત વ્યવસ્થા સુધી મર્યાદિત નથી, પરંતુ પૂજા સ્થળોની પવિત્રતા અને ધાર્મિક શિસ્ત પ્રત્યે પણ ગંભીર છે. ગઢવાલ કમિશનર વિનય શંકર પાંડેની આ પહેલને સંતુલિત માનવામાં આવે છે, જેમાં શ્રદ્ધા અને વ્યવસ્થા બંનેને ધ્યાનમાં લેવામાં આવે છે. બેઠકમાં કમિશનર પાંડેએ જણાવ્યું હતું કે, ચારધામ યાત્રા વ્યવસ્થાપન માટે ભંડોળ ફેબ્રુઆરી સુધીમાં તમામ જિલ્લાઓને ફાળવવામાં આવશે. તેમણે જિલ્લા મેજિસ્ટ્રેટને ત્રણ દિવસમાં સરકારને તાત્કાલિક કામોની યાદી સુપરત કરવા, એક અઠવાડિયામાં ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ કરવા અને ઝડપી ધોરણે કામ શરૂ કરવા નિર્દેશ આપ્યો હતો. રસ્તા, સંદેશાવ્યવહાર અને આરોગ્ય સેવાઓ અંગે પણ કડક સૂચનાઓ જાહેર કરવામાં આવી છે. **NHAI, NHIDCL, PWD** અને **BRO** ને ૩૧ માર્ચ સુધીમાં યાત્રા માર્ગો પરના રસ્તાઓનું સમારકામ કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. **BSNL** ને યાત્રા માર્ગો અને યાત્રા સ્થળો પર સંદેશાવ્યવહાર સુવિધાઓ સુનિશ્ચિત કરવા સૂચના આપવામાં આવી છે. આરોગ્ય વિભાગને ૧૫ દિવસની રોટેશનલ ફરજ બજાવતા ડોકટરોની વ્યવસ્થા કરવા, નિષ્ણાત ડોકટરો તૈનાત કરવા અને એર એમ્બ્યુલન્સની વ્યવસ્થા કરવા સૂચના આપવામાં આવી છે.

### શિંદેના નેતાઓ અમારા સંપર્કમાં : સંજય રાઉત

# મુંબઈમાં મેયર માટે ખેંચતાણ વચ્ચે સંજય રાઉતે સસ્પેન્સ વધાર્યું!

## સંજય રાઉતના દાવા મુજબ એકનાથ શિંદે પણ મુંબઈમાં ભાજપનો મેયર બને તેવું ઈચ્છતા નથી

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ,

મુંબઈનું મેયર કોણ? બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન **(BMC)** ચૂંટણીનું પરિણામ આવ્યાને બે દિવસના વાણા વીતી ગયા બાદ પણ મહાયુતિ(ભાજપ અને શિવસેના શિંદે જૂથ) મેયર નક્કી કરી શકી નથી. હાલ મહારાષ્ટ્રનું રાજકારણ મુંબઈના મેયર માટે ચરમસીમાએ પહોંચ્યુ છે. તેવામાં મેયર પદ માટે તાલ ઠોકતા ખેંચતાણ અને હોટલ પોલિટીક્સ પર શિવસેના ઉદ્ધવ જૂથના નેતા સંજય રાઉતે મોટું નિવેદન આપ્યું છે. રાઉતના દાવા મુજબ એકનાથ શિંદે પણ મુંબઈમાં ભાજપનો મેયર બને તેવું ઈચ્છતા નથી, રાઉતે એ પણ કહ્યું કે ઘણા કોર્પોરેટર તેમના સંપર્કમાં છે તે તાજ હોટલ તેમને મળવા જઈ શકે છે. મુંબઈના મેયર પદ માટે સસ્પેન્સ વધી રહ્યું છે. કારણ કે ચૂંટણી જીત્યા બાદ એકનાથ શિંદેએ અઢી અઢી વર્ષ માટે મેયર પદની ભાજપ પાસે માંગ કરી છે. અને પોતાના કોર્પોરેટર્સને ફાઈવ સ્ટાર હોટલમાં ખસેડી દીધા છે. એક તરફ મુખ્યમંત્રી ફડણવીસ વિવાદ નથી તેવી હામ ભરી રહ્યા છે, પણ ઘટનાક્રમ બીજી તરફ ઈશારો કરી રહ્યું છે. કારણ કે મોકો જોઈને ઉદ્ધવ ઠાકરે પણ કહ્યું કે, 'જો ભગવાનની ઈચ્છા હશે તો શિવસેના **UBT**નો જ મેયર બનશે'. સંજય રાઉતે પણ લાભ ઉઠાવતા જણાવ્યું કે, 'શિવસેના એકનાથ જૂથના ઘણા કોર્પોરેટર નથી ઈચ્છતા કે ભાજપનો મેયર બને, અમે ઘણાના સંપર્કમાં છીએ'

એકનાથ શિંદેએ કોર્પોરેટર્સને હોટલમાં જેલની માફક કેદી બનાવીને રાખ્યા જે કાયદાકીય વ્યવસ્થા પર સવાલ ઊભા કરે છે, કોર્પોરેટર્સને ડર છે કે તેમનું અપહરણ થઈ શકે છે, તેમને તોડવામાં આવી શકે છે, તેવામાં શિંદેએ તેમને તાજ હોટલમાં બંધ કરી દીધા છે અને ત્યાં પોલીસ પહેરો લગાવી દીધો છે, આ ખૂબ જ ચિંતાજનક છે કોર્પોરેટર્સના અધિકારોનું ખુલ્લેઆમ ઉલ્લંઘન છે.

શિવસેના ઉદ્ધવ જૂથના નેતાએ વધુમાં કહ્યું કે, 'મારે અને મારા દોસ્તોએ તાજ હોટલમાં જવું છે, અમે ત્યાં જઈશું તો ગરબડ થઈ જશે, તો પણ અમે જઈશું, દાવો કરતાં કહ્યું, એકનાથ શિંદે જૂથના ઘણા કોર્પોરેટર અમારા સંપર્કમાં છે, કોણ ઈચ્છે છે કે મુંબઈમાં ભાજપનો મેયર બને? એકનાથ શિંદે પણ આવું નથી ઈચ્છતા'

**BMC**માં સત્તાનું ગણિતઃ

કુલ બેઠકઃ ૨૨૭, બહુમતીઃ ૧૧૪, આમ તો, શુક્રવારે જાહેર થયેલા **BMC** ચૂંટણીના પરિણામોમાં મહાયુતિ ગઠબંધન(ભાજપ-શિવસેના શિંદે જૂથ)ને ૧૧૮ બેઠકો સાથે પૂર્ણ બહુમતી મળી છે.

- -ભાજપઃ ૮૯ બેઠકો
- -શિવસેના (એકનાથ શિંદે): ૨૯ બેઠકો
- -શિવસેના (ઉદ્ધવ ઠાકરે): ૬૫ બેઠકો
- -કોંગ્રેસઃ ૨૪ બેઠકો
- -**MNS** (રાજ ઠાકરે): ૬ બેઠકો
- -**AIMIM:** ૮ બેઠકો
- -**NCP** (શરદ પવાર): ૧ બેઠક
- -**NCP** (અજિત પવાર): ૩ બેઠકો

હાલ સ્થિતિ એટલા માટે રોચક થઈ ગઈ છે કે ભાજપ મુંબઈમાં પોતાનો મેયર બેસાડવા માંગે છે જ્યારે શિવસેના (એકનાથ શિંદે) મેયર માટે અઢી અઢી વર્ષના ફોર્મ્યુલા પર અડી છે. જેથી મહાયુતિમાં પણ મેયર માટે હુતાતુંસી ચાલી રહી છે. બીજી તરફ જો શિવસેના (ઉદ્ધવ ઠાકરે): ૬૫ બેઠકો, કોંગ્રેસઃ ૨૪ બેઠકો, **MNS** (રાજ ઠાકરે): ૬ બેઠકો, **AIMIM** : ૮ બેઠકો`NCP (શરદ પવાર): ૧ બેઠક તેમજ સપા પાસે ૨ બેઠકો છે જેથી જો મહા વિકાસ અઘાડી જો મહાયુતિના કેટલાક કોર્પોરેટરો તોડી લે તો મહાવિકાસ અઘાડીનો પણ મેયર બની શકે છે. આ જ માટે હાલ મુંબઈ મહાનગરપાલિકા પર સત્તાની લડાઈમાં કાવાદાવા જોવા મળી રહ્યા છે.

# હવે મહિલાઓ પણ કાયદાનો દુરુપયોગ કરે છે : દિલ્હી હાઈકોર્ટ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

પારિવારિક વિવાદોમાં હંમેશા સાસરિયાવાળા જ જવાબદાર હોય તેવુ જરૂરી નથી, મહિલાઓ પણ કાયદાનો ખોટી રીતે ફાયદો ઉઠાવતી હોય છે તેવુ અવલોકન દિલ્હી હાઈકોર્ટ દ્વારા એક મામલાની સુનાવણી દરમિયાન કરવામાં આવ્યું હતું. પત્ની દ્વારા મધ્યસ્થતા દરમિયાન દર વખતે નવી નવી માગ કરવાને કોર્ટે લાલચી વલણ ગણાવ્યું હતું. દિલ્હી હાઈકોર્ટના ન્યાયાધીશ બંસલ કૃષ્ણાની બેંચે એક મહિલા દ્વારા કરાયેલી દહેજ ઉત્પીડનની ફરિયાદ મામલે સુનાવણી દરમિયાન આ અવલોકન કર્યું હતું. બેંચે કહ્યું હતું કે આ મામલામાં પત્નીએ વધુમાં વધુ ધન પડાવવા માટે પતિ અને સસરા સામે ફરિયાદ દાખલ કરી હતી. આ મામલાની સુનાવણી દરમિયાન આ હકિકતો સામે આવી હતી, દહેજ ઉત્પીડન કાયદાનો દુરુપયોગ કરવામાં આવ્યો હોવાનું પણ સ્પષ્ટ થાય છે. કોર્ટોએ કાયદાનો દુરૂપયોગ થતો અટકાવવાની જરૂર છે. બેંચે કહ્યું હતું કે છેલ્લા કેટલાક વર્ષોથી આ મામલાનો આરોપી પરિવાર કોર્ટો અને પોલીસ સ્ટેશનના ચક્કર લગાવી રહ્યો છે. બાદમાં હાઈકોર્ટે આ મામલામાં આરોપી બનાવવામાં આવેલા પતિ અને સસરાને ક્લીનચિટ આપી દીધી હતી.

બેંચે નોંધ લીધી હતી કે લગ્ન ૨૦૦૯માં થયા હતા જ્યારે મહિલાએ વર્ષ ૨૦૧૧માં જ પતિનું ઘર છોડી દીધુ હતું, જે બાદ તે પરત પતિના ઘરે નહોતી ગઈ, જ્યારે તેના પતિ તેમજ સસરા સામે દહેજ ઉત્પિડન સહિતના ગંભીર આરોપો લગાવીને વર્ષ ૨૦૧૬માં ફરિયાદ દાખલ કરાવી હતી.




